ગાંધીનગર સમાચાર

**સે-3-ન્યુ વસાહત મંડળ દ્વારા આધારકાર્ડ કેમ્પ યોજાશે**

# વિજપોલને અડી જતા બાળક ઈજાગ્રસ્ત

## સે-૨૮ ગાર્ડનમાં પરિવાર સાથે બાળક રમવા ગયો હતો : બાળક સિવિલમાં સારવાર હેઠળ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના પ્રખ્યાત સેકટર-૨૮ ગાર્ડનમાં રમવા ગયેલા બાળકનો પગ અચનક ભુલથી વિજપોલને અડી જતા કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા બાળક દુર ધકેલાઈ ગયો હતો. બાળકના મોંઢામાંથી ફીણ નીકળતા પરિવારના અન્ય સાથે રમવા ગયેલા બાળકો પણ ગભરાઈ ગયા હતા. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલીક રીક્ષામાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.બાળકને કરંટ લાગવાની ઘટના બનતા તંત્ર દ્વારા તાત્કાલીક ઝોખમી વિજપોલનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮માં સ્થિત ગાર્ડન જુનો અને જાણીતો છે. શહેર ઉપરાંત આસપાસના જિલ્લાના નાગરીકોમાં પણ આ ગાર્ડન હોટ ફેવરીટ છે. તહેવારોના દિવસો તેમજ રજાઓની મૌસમમાં આ ગાર્ડન બાળકોની કિકિયારીઓથી ગુંજી ઉઠે છે. ત્યારે ગાર્ડનમાં રહેલા રોશની પાથરવા માટે તંત્ર દ્વારા મુકવામાં આવેલા વિજપોલ મોટાભાગના ઢાંકણ વગરના છે. ખુલ્લા વિજવાયરોવાળા ઝોખમી વિજપોલ હોવા છતા તંત્ર દ્વારા સુરક્ષાને લઈ કોઈ તકેદારી લેવાઈ રહી નહોતી. ત્યારે તાજેતરમાં ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામના ઠાકોર પરિવારના સભ્યો બાળકોને ગાર્ડનમાં રમવા લઈ ગયા હતા. બાળકો વિવિધ રમતો રમીને મોજમજા કરતા હતા તે દરમ્યાન બાળકોની ફેવરીટ છુકછુક ગાડી છે તે વિસ્તારમાં અચાનક ધોળાકુવાના નરેશભાઈ ઠાકોરના દિકરાનો પગ વિજપોલને અડી ગયો હતો. વિજ થાંભલાના ખુલ્લા ઢાંકણને અડતા જ કરંટ લાગતા બાળક દુર ધકેલાઈ ગયો હતો અને બાળકના મોંઢામાંથી ફીણ નીકળવા લાગ્યું હતું. ગાર્ડનમા રહેલા તમામ નાગરીકો હતપ્રભ બની ગયા હતા. બાળકને રીક્ષામા તુરંત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયાં બાળક સારવાર હેઠળ છે તેમ જ તેની તબિયત સુધારા પર છે તેમ બાળકના પિતાએ જણાવ્યું છે. જયારે ખુલ્લા વિજપોલને બાળક અડકી જતા કરંટ લાગતા ઈજા પામ્યો હોવાની જાણ તંત્રને થતા તાત્કાલીક ઢાંકણ વગરના વિજપોલમાં ઢાંકણ લગાવાનું તેમજ કરંટ આવતા વિજપોલનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ત્યારે કરંટ લાગ્યાની ઘટના બાદ આખરે મોડે મોડે પણ તંત્ર જાગ્યું ખરું...!

### @ગાંધીનગર

● સેકટર-૨૧ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાંજે ૬.૩૦થી ૭.૧૫ કલાક દરમિયાન લીલી ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨૩માં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫ થી ૮.૩૦ કલાક દરમિયાન હિંડોળા ઉત્સવનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા સાંજે ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન, ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે.

● ગુંજ ફાઉન્ડેશન દ્વારા સે-૧૫ની સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૮.૩૦ કલાકે વ્યસનમુકિત અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાશે.

### સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ પ્રારંભ

આપી ભકિત પરંપરા મુજબ અષાઢ વદ-૨થી એક મહિના સુધી ભગવાનને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી ગત તા. ૨૧ જુલાઈને ગુરુવારના રોજથી હિંડોળા ઉત્સવનો પ્રારંભ થઈ ચુકયો છે. આ ઉત્સવમાં શ્રધ્ધા-સમર્પણ, ભકિત-ભાવના અને કલા સંસ્કૃતિનો સમન્વય થાય છે. આ એક મહિના સુધી ચાલનાર હિંડોળા દર્શનનો સમય સાંજે ૫ થી ૮.૩૦ કલાક સુધીનો રહેશે જેનો લાભ લેવા ભાવિકોને જણાવાયુંછે.

### ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના વર્ષ ૨૦૧૬-૧૭-૧૮ના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે. પ્રમુખ-શ્રી ચેલાભાઈ પટેલ (છાલા), ઉપપ્રમુખ - કાળીદાસ પટેલ (લવારપુર), શ્રી રતનસિંહ વાઘેલા (કોલવડા), મહામંત્રી - શ્રી ડાહ્યાભાઈ રાવળ (ગાંધીનગર), સહમંત્રી-શ્રી બાબુભાઈ દરજી (ગાંધીનગર), શ્રી જિતેન્દ્રકુમાર પુરોહિત (ગાંધીનગર), ખજાનચી - શ્રી મીઠાભાઈ પટેલ (ડભોડા), શ્રી બેચરભાઈ પટેલ (ગિયોડ) શ્રી છબાભાઈ પટેલ (કાનપુર), શ્રી પુરૂષોત્તમભાઈ પી. પટેલ (ડભોડા), સંગઠન મંત્રી - શ્રી જયંતિભાઈ પટેલ (પેથાપુર), શ્રી નટવરલાલ રાવલ ( સાદરા), શ્રી જીવાભાઈ પટેલ (દશેલા), શ્રી અરૂણભાઈ રાવલ (ગાંધીનગર), શ્રી નવનીતરાય ત્રિવેદી (ગાંધીનગર), શ્રી ચેલાભાઈ પટેલ (ગિયોડ), જિલ્લા પ્રતિનિધિ- શ્રી ઈશ્વરભાઈ પટેલ (પોર)ની નિમણુંક થયેલ છે.

## કુડાસણના યુવાનનો નભોઈ કેનાલમાં આપઘાત

### બાઈક અને ચપ્પલ કેનાલ બહારથી મળતા તપાસ કરાઈ તરવૈયાઓએ મૃતદેહ બહાર કાઢયો : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ગામના ૨૬ વર્ષીય યુવાને નભોઈ નર્મદા કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. લાપતા થયેલા આ યુવાનની પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા તે દરમિયાન નભોઈ કેનાલ બહારથી ચપ્પલ અને બાઈક મળી આવતા કેનાલમાં શોધખોળ કરાઈ હતી. કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢી પીએમ કરાવી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ કુડાસણ ગામમાં રહેતો અને માળી કામ કરતો ૨૬ વર્ષીય યુવાન જીતેન્દ્ર જગદીશભાઈ રામી ઘરેથી બાઈક લઈને નીકળી ગયો હતો. પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા તે દરમિયાન નભોઈ નર્મદા કેનાલની બહારથી જીતેન્દ્રનું બાઈક અને તેના ચપ્પલ મળી આવ્યા હતા. કેનાલમાં છલાંગ લગાવી હોવાની આશંકાને પગલે પરિવારજનોએ પોલીસને જાણ કરી કેનાલમાં તપાસ કરાવી હતી. તરવૈયાઓએ કેનાલમાં તપાસ કરતા બપોરે જીતેન્દ્ર રામીનો કેનાલના પાણીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો કોઈ અગમ્ય કારણોસર જીતેન્દ્રએ કેનાલમાં ઝંપલાવીને જીવનલીલા સંકેલી લીધી હતી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા જમાદાર અમરતભાઈએ તપાસ શરુ કરી છે.




સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂપૂર્ણિમાના પર્વ પ્રસંગે પૂ. શાસ્ત્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી ગુરુદક્ષિણામાં ભાવિક ભકતોએ અર્પણ કરેલ પેનો કોલવડા ગામની ચાર સરકારી પ્રાથમિક શાળાના ૮૫૦ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

### વાતવાતમાં

● સેકટર-૧૫ની સરકારી કોલેજના બે વિદ્યાર્થી જુથ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી ઘર્ષણ ચાલી રહ્યું છે. આ અંતર્ગત ગુરુવારે સે-૧૭ની લાયબ્રેરીમાં એક જુથના વિદ્યાર્થીઓ આવ્યા હોઈ અન્ય જુથના વિદ્યાર્થીઓએ આવી તેમની ગાડીના કાચ ફોડી નાંખ્યા હતા.

● ગાંધીનગરમાં નમી પડેલા નડતરરૂપ વૃક્ષોની ડાળીઓને કાપીને ભરેલું એક ટ્રેકટર ઘ-૨થી ચ-૨ તરફ જઈ રહ્યું હતું. મનપાના આ ટ્રેકટરની ટ્રોલી પર કોઈ આવરણ ઢાંકયુ ના હોવાથી આખા રસ્તે તાજી કાપેલી લીલીછમ ડાળીઓ પડતી જતી હતી.

● ગાંધીનગરના માર્ગો તથા જાહેર સ્થળો પર લગાડાયેલી પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમના કારણે કેટલીક જગ્યાએ ત્રાસદાયક સાબિત થઈ રહી છે. સે-૭ના શોપીંગ સેન્ટરમાં લગાડાયેલ આ સીસ્ટમમાં અવાજ એટલો બધો હોય છે કે જેના કારણે વેપારીઓને તેમના રોજીંદા કામો તથા ફોન પર વાત કરવામાં નડતરરૂપ બની રહી છે.

### ૨૪મીએ સદભાવના મૌન રેલી યોજાશે

ગાંધીનગર, તા.૨૨

દલિતો પર થયેલ અત્યાચારના બનાવના સંદર્ભે એસ.સી.એસ.ટી., ઓબીસી લઘુમતી એકતા સંગઠન શકિત દ્વારા તા. ૨૪ જુલાઈને રવિવારના રોજ બપોરના ૧.૦૦ કલાકે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સેકટર-૬ સુધી સદભાવના મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામે દલિતો પર થયેલ અત્યાચારને સખ્ત શબ્દોમાં વખોડવા તથા ગુજરાતમાં ભવિષ્યમાં આવા બનાવો ના બને અને ગુજરાત સરકાર કડકમાં કડક પગલા લેવા માંગણી કરશે.





તાજેતરમાં રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજીત ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની અંડર-૧૪ વય જુથની જંપરોપ, આર્ચરી, રોલબોલ તથા હોકીની સ્પર્ધામાં ઓમ લેન્ડમાર્ક સ્કુલ (મોટા ચિલોડા)ના ધો-૭ અને ૮ના બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજય મેળવ્યો હતો તથા રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. શાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સેંટ ઝેવિયર્સ ખાતે યોજાયેલ કવેસ્ટ કાર્યક્રમ




ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની પ્રતિષ્ઠિત શાળા સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ત્રિદિવસીય કવેસ્ટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રથમ દિવસે ઈન્ટર સ્કૂલ કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત શાળાએ ભાગ લીધો હતો. જેમાં યજમાન શાળાએ પણ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભૌમિક ઠાકર મુખ્ય અતિથિ તરીકે પધારેલ હતા. જેમણે શાળાના આચાર્ય તથા શિક્ષકગણ સાથે દીપ પ્રાગટય કરીને કાર્યક્રમનો આરંભ કર્યો હતો. આ કાર્યક્રમ શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી મનીષ જયસ્વાલની યાદમાં આયોજિત કરાયો હતો.

કિવઝ દરમિયાન વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન, સાહિત્ય, વિજ્ઞાન, ખેલકુદ તથા મનોરંજન ક્ષેત્રેના જ્ઞાનની કસોટી કરવામાં આવી હતી. જે પાંચ રાઉન્ડમાં વિભાજીત હતી. આ કસોટીમાં યજમાન શાળા સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ પ્રથમ, દ્વિતિય માઉન્ટ કાર્મેલ સ્કુલ અને તૃતીય સ્થાને હિલવુડસ સ્કુલ વિજેતા રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઈનામ વિતરણ તથા મુખ્ય અતિથિ અને આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વચનો કહ્યા હતા. આ સમગ્ર સમારંભ તાજેતરમાં ધો-૧૨ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત કરાયો હતો. જેમાં શાળાના શિક્ષકગણે સહયોગ આપ્યો હતો.

### શનિવારે એલાયન્સ કલબનો શુભારંભ

ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સેવાભાવી સંસ્થા એલાયન્સ કલબની શાખાનો સેવાકીય પ્રથમ કાર્યક્રમ કૈલાસધામ ખાતે મુકતાનંદ બાપુના આશીર્વાદ લઈને વૃધ્ધોને મીઠાઈ ખવડાવીને શનિવારના દિવસે શુભારંભ કરવામાં આવશે. આ સંસ્થા વિશ્વના ૨૨ જેટલા દેશોમાં સામાજીક સેવા, મેડીકલ હેલ્પ, શૈક્ષણિક સેવા જેવા તમામ ક્ષેત્રોમાં સેવા કાર્ય કરે છે. આ સંસ્થામાં પ્રમુખ પદે કુંપલ દવે, ઉપપ્રમુખ તરીકે ઉદય ડી. પાંભર, ખજાનચી તરીકે નરેશભાઈ જાદવ, મંત્રી તરીકે તૃપ્તી અપૂર્વભાઈ દવે અને પી.આર.ઓ. તરીકે કર્ણવ મુયર દવે સહિતના સભ્યો સેવાકીય કાર્ય કરે છે.

### ટ્રાફિક દંડ ઘર આંગણે સ્વીકારાય તેવી માંગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની ટ્રાફિકની કામગીરી સારી છે. તેમાં હજુ વધુ સુધારા જરુરી છે. ઘેર ઘેર ફરીને કેમેરામાં કેદ થયેલાને નોટીસ દંડ આપવા અંગેનો પત્ર પહોંચાડે છે તે સુંદર કામગીરી છે.પરંતુ નોટીસની સાથે સાથે દંડની રકમની પહોંચ પણ સાથે આપવામાં આવે તો રૂબરૂ દંડ જમા થઈ શકે. દંડ ભરવા માટે પોલીસ સ્ટેશન, આરટીઓ કચેરીએ જવું પડે છે તેના બદલે નોટીસ-દંડ રૂબરૂ ભરવા તૈયાર હોય તો રૂબરૂ લઈને પહોંચ આપવામાં આવે તો દંડ ભરનારને સવલતનો લાભ મળે અને સમય પણ બચી શકે. ટ્રાફિક પોલીસ રોડ ઉપર જેમ પહોંચ આપે છે તેજ રીતે દંડની રકમ ઘર આંગણે જ વસુલ થાય તેવી વ્યવસ્થા જરૂરી છે. ઘરના માણસો જ દંડ આપીને મુકત થઈ શકે તેમ સીનીયર સીટીઝન અને અગ્રણી શ્રી જિતેન્દ્રભાઈ પુરોહિતે જણાવ્યું છે.

### રવિવારે દશ્ય દુનિયાના અદશ્ય કારણો વિષય પર પ્રવચન

સેકટર-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતે તા. ૨૪મી જુલાઈના રોજ સવારે ૯.૦૦ કલાકે 'દશ્ય દુનિયાના અદશ્ય કારણો' વિષય પર પૂજય આચાર્યશ્રી નરરત્ન સૂરીશ્વરજી અને ગુરુદેવ કૃપારત્ન વિજયજી પ્રવચન આપશે. આ પ્રસંગે નગરના તમામ ભાવિક ભકતોને હાજર રહી લાભ લેવા દિપક શાહે જણાવ્યું છે.

### 'ત્રિદલ' દ્વારા રવિવારે સર્જકની સર્જનયાત્રા વિષે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૨૨

'ત્રિદલ' ગાંધીનગરના ઉપક્રમે અષાઢી પાંચમના વરસાદી માહોલમાં કવિ અને કવિના શબ્દોને માણવા તા. ૨૪મી જુલાઈના સાંજે ૪.૩૦ વાગે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સે-૨૧ ખાતે ગુજરાતના ગણમાન્ય સાહિત્યકાર કવિશ્રી ઉજમશીભાઈ પરમાર 'સર્જકની સર્જનયાત્રા' વિષે વાર્તાલાપ આપશે.

## અશ્વિનભાઈ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટનું મેગા વૃક્ષારોપણ

### સે-૧૬ માધ્યમિક શાળામાં ૧૦૦૧ વૃક્ષોનું વાવેતર કરાયું : વૃક્ષો વાવવા સાથે તેના જતન-ઉછેર માટે ૪૦૦ સ્વયં સેવકોનું માઈક્રો લેવલનું પ્લાનિંગ







ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા સેકટર-૧૬ની માધ્યમિક શાળામાં ૧૦૦૧ વૃક્ષોના વાવેતર સાથે મેગા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય સંકુલના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, ગુજરાત એનએસએસના રિજીયોનલ ડાયરેકટર, કમલકુમાર કર, નાયબ વનસંરક્ષક વી.વી. ઠાકોર, એનએસએસ ગુજરાતના એસએલઓ આર.કે. પટેલ, નિવૃત્ત ફોરેસ્ટ ઓફિસર મહેન્દ્રભાઈ પટેલ, કોલેજના આચાર્યા વિજ્ઞાબેન ઓજા, સે-૧૬ માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ કે.જી. બારોટ, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી હિતેષભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતાં.

એનએસએસ યુનિટના ૪૦૦ વિદ્યાર્થીઓએ હાથ ધરેલ પર્યાવરણ જતનના સંદર્ભે મેગા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧ હજાર વૃક્ષો વાવી તેના જતન માટે ટીમ બનાવી તેને ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. આ માટે દરેક વર્ગ દીઠ બ્લોક બનાવી જવાબદારીનક્કી કર્યા મુજબ વૃક્ષારોપણ કરાયું હતું. દરેક વૃક્ષનું જતન સાથે ઉછેર થાય તે માટે માઈક્રો પ્લાનિંગ ઘડી કાઢવામાં આવ્યું છે. કાર્યક્રમનું આયોજન તથા સફળ સંચાલન પ્રોગ્રામ ઓફિસર રણછોડ રથવીએ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સાહીલ પટેલ, વિકાસ રાજગોર, જૈમિન પટેલ, સુરજ મુંજાણી, ભવદિપસિંહ વાળા, કર્ણ શિરેશિયા, મૌલિક પટેલ, હરેશ કાન્દ્રી, જય પટેલ, વિપુલ સિંઘવ, ઋષિ પટેલ, હિરેન પટેલ, પ્રદિપ પરમાર, મયુર મહેશ્વરી, પ્રિયંકા ચાવડા, પિન્કલ પટેલ, અલ્પા લાડવા, એકતાવાળા વગેરે સ્વયં સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

'પર્યાવરણનું જતન કરવું તે સરકાર સહિત દરેક નાગરિકની ફરજ છે, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટે આ વિચારને ચરિતાર્થ કર્યો છે. વિદ્યાર્થીઓ દેશની શકિત છે. એક હજાર વૃક્ષોના વાવેતર થકી આ શકિતએ પર્યાવરણના જતન માટે સારું ઉદહરણ પુરું પાડયું છે. સમાજના દરેક વર્ગ, જ્ઞાતિ એ આ પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ જેથી આવનારી પેઢીને યોગ્ય વાતાવરણ મળી રહે. તમામ વિદ્યાર્થીઓને અભિનંદન.'

- વલ્લભભાઈ પટેલ, પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય

'પર્યાવરણની જાળવણીના હેતુસર એનએસએસ યુનિટ દ્વારા યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧ હજાર વૃક્ષોનું વાવેતર કરાયું છે. સાથે તેનું જતન કરી ઉછેરવા માટે માઈક્રો લેવલનું પ્લાનીંગ પણ કરાયું છે. અમે કુલ ૨ હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો છે તે અંતર્ગત આગામી સમયમાં હજુ બીજા વધુ ૧ હજાર વૃક્ષોનું વાવેતર કરાશે.'

- ડૉ. રણછોડ રથવી, પ્રોગ્રામ ઓફિસર, એનસએસએસ યુનિટ

## સે-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા આધારકાર્ડ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૩-ન્યુ વસાહત મંડળના ઉપક્રમે સેકટર-૩-ન્યુના વસાહતીઓ અને આજુબાજુના સેકટરના વસાહતીઓ કે જેઓ આધારકાર્ડ મેળવવામાં બાકી હોય તેવા તમામ વસાહતીઓને તા. ૨૪ અને ૨૫ જુલાઈના રોજ સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમિયાન સેકટર-૩-ન્યુ, શોપીંગ સેન્ટર ખાતે આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધારકાર્ડ કેમ્પનો લાભ લેવા તમામ વસાહતી ભાઈઓ અને બહેનોને પ્રમુખ જયેશ આગજાએ અનુરોધ કર્યો છે.

### તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો વિદ્યાર્થી સન્માન સમારંભ કાર્યક્રમ-૨૦૧૬ તા. ૨૪-૭-૨૦૧૬, રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે, ખિમજી વિસરામ એન્ડ સન્સ હોલ, કડી શિક્ષણ સંકુલ, સે-૨૩-ગાંધીનગર મુકામે યોજાનાર છે. તો સંબંધિત સન્માનપાત્ર વિદ્યાર્થીઓએ પોતાના વાલીઓ તથા આમંત્રણ પત્રો સાથે બપોરે ૨.૩૦ કલાકે કાર્યક્રમના સ્થળે હાજર રહેવા વિનંતી છે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા નંદુબા ભગાજી, ઉ.વ.૭૫
- સ્વ. ઠાકોર કાન્તીજી બળદેવજી, ઉ.વ.૪૩
- સ્વ. સિધ્ધપુરા શિવલાલ નરસિંહદાસ, ઉ.વ.૮૭